# અદૃશ્ય થયેલી એક, બે અને પાંચની ચલણી નોટો અચાનક બજારમાં પ્રગટ થઈ

## ચલણી નોટો પરત ખેંચવાના રિઝર્વ બેંકના નિર્ણય પછી સંગ્રહાયેલી નોટો ફટાફટ બહાર નીકળી

ગાંધીનગર, તા. ૨૩

ગુજરાતની મહિલાઓ બચત કરવામાં અવ્વલ નંબરે હોય છે. જેમાં શાકભાજી, દૂધ અને અનેક ખર્ચાઓમાંથી અમુક રકમ બચાવી સંગ્રહ કરવો તે તેમની ફિતરત હોય છે. પરંતુ તાજેતરમાં રિઝર્વ બેંકે પ્રગટ થઈ વ્યવહારમાં વપરાતી જોવા મળતા રિઝર્વ બેંકના નિર્ણયને ભરપૂર પ્રોત્સાહન મળ્યુ છે.

એક, બે અને પાંચની કડકડતી નોટો સંગ્રહ કરી પ્રસંગોમાં ઉપયોગમાં લેવાના શુભ આશયથી ઘરની તિજોરી કે લોકરમાં વર્ષોથી બિન ઉપયોગી મુકી રાખવાના


(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

સાલ ૨૦૦૫ પહેલાની ચલણી નોટો પરત ખેંચવાનો નિર્ણય જાહેર કરેલ છે. જેથી વર્ષોથી અદૃશ્ય થયેલી એક, બે અને પાંચની ચલણી નોટો અચાનક જ બજારમાં પ્રગટ થયેલી જોવા મળી રહી છે અને હવે તેનો સંગ્રહ કોઈ જ ન કરતાં ચલણમાં ફરતી થઈ ગઈ છે જેથી છુટાની મહામારીમાંથી મહદ્અંશે છુટકારો થતાં લોકોએ રાહતનો શ્વાસ લીધો છે.

વર્ષોથી ઘરો અને લોકરમાં સંગ્રહાયેલી ચલણી નોટો રિઝર્વ બેંકના અતિ મહત્વના નિર્ણયથી બજારમાં બહાર આવવા લાગી છે. જેમાં ગુજરાતના વ્યવહાર કુશળ અને સમય સંજોગોને પારખી ચાલવા વાળા વર્ગની બચતનિધિ પણ બહાર આવી છે. જેમાં એક, બે અને પાંચની કડકડતી ચલણી નોટો અચાનક જ બજારમાં ગુજરાતીઓના અગમચેતી પગલાંને રિઝર્વબેંકના નિર્ણયથી આંચકો આવ્યો છે. રિઝર્વ બેંકે ૨૦૦૫ પહેલાની તમામ નોટો ચલણમાંથી પરત ખેંચી તેના બદલે નવી નોટો બજારમાં લાવવાની જાહેરાત કરી છે. જેના પગલે હાલ બેંકોમાં ચલણી નોટની પાછળ ૨૦૦૫ કે તે પછીની નોટો આવકારી લેવાય છે જ્યારે ૨૦૦૫ પહેલાની અથવા સાલ લખેલી ન હોય તેવી ચલણી નોટ બજારમાં અસ્વીકારી બેંકમાં ભરી આવવાનો આગ્રહ થઈ રહ્યો છે. જો કે રિઝર્વ બેંકના આ પગલે ગૃહિણીઓ સાવધાન બની ખર્ચાઓમાંથી બચત કરેલી નોટની ચકાસણી કરી રહી છે. જેથી હજુ પણ બજારમાં આવી નોટ જોવા મળશે પરંતુ બેંકો પણ સહકારી વલણ દાખવી નોટ બદલી રહી છે.


(તસવીર : કશ્યપ નિમાવત)

પોલીયો રસીકરણનાં ભાગરૂપે રવિવારનાં રોજ ગાંધીનગરમાં વિવિધ સ્થળોએ સફળતાપૂર્વક કાર્યક્રમ યોજાઈ ગયા. રોટરી કલબ, ડબલ્યુ.એચ.ઓ., યુનિસેફ તેમજ સરકારનાં સહયોગથી અને વિવિધ શાળાઓનાં બાળકોને સાથે રાખીને રસીકરણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. એસ.ટી. બસ સ્ટોપ, અક્ષરધામ, મોબાઈલ વાન દ્વારા ક્રિષ્ના હોસ્ટેલ સેકટર-૨૫, શેઠ સી.એમ. હાઈસ્કુલ, આઈટીઆઈનાં વિદ્યાર્થીઓએ ઉત્સાહથી આ સેવાકીય પ્રવૃત્તિમાં ભાગ લીધો હતો. રોટરી કલબનાં ડૉ. ગુંજન જૈન, જોય બક્ષી, જશવંત ગાંધી, આલોક ગુપ્તા, રાહુલ મહેતા, કમલકિશોર જૈન, સુરેન્દ્ર ઉપાધ્યાય, ચૈતન્ય શુકલે ભારે જહેમત ઉઠાવી સફળતાપૂર્વક કાર્યક્રમને ઓપ આપ્યો હતો. દરેક બાળકને બિસ્કીટ, ચોકલેટ આપવામાં આવ્યા હતાં.

## આજથી અંબાજી મંદિર સે. ૨૧ ખાતે શિવકથા યોજાશે

ગાંધીનગર, તા. ૨૩

શિવરાત્રીના પર્વને લઈ મહાદેવજીને રીજવવા શિવકથા યોજવામાં આવશે. કથાકાર ભારતીબાપુની વ્યાસપીઠે તા. ૨૪ ફેબ્રુઆરીથી ૩ માર્ચ દરમ્યાન અંબાજી મંદિર, અપનાબજાર પાસે, સે. ૨૧ ખાતે શિવકથા યોજવામાં આવશે. પોથીયાત્રા બેન્ડવાઝા સાથે પ્લોટ નં. ૬૬૩/1 ખાતેથી નીકળી કાનજીભાઈ પટેલ અને વિષ્ણુભાઈ પ્રજાપતિના નિવાસ્થાનેથી પોથીનું પૂજન કરી કથા સ્થળે પહોંચશે. શિવકથામાં નગરના ભાવિભક્તોને લાભ લેવા આમંત્રણ પાઠવ્યું છે.

# કોંગ્રેસની રેલીને પગલે શહેરમાં પોલીસનો જડબેસલાક બંદોબસ્ત

## એસ.પી., ડીવાયએસપી સહિતના અધિકારીઓ ઉપરાંત બે કંપની એલઆરપી અને બે વોટર કેનન તૈનાત

ગાંધીનગર, તા. ૨૩

ભ્રષ્ટાચાર અને મોંઘવારીના વિરોધમાં કોંગ્રેસ દ્વારા ગાંધીનગર ખાતે સભા અને રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. જેને પગલે જિલ્લા પોલિસ વડાના સુપરવિઝન હેઠળ ચાંપતો પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. કવીક રીસ્પોન્સ ટીમ ઉપરાંત વોટર કેનન સાથે પોલીસ ઉપરાંત એસઆરપીની બે કંપની ખડે પગે રહેશે.

કોંગ્રેસની સભા અને રેલીના કાર્યક્રમમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે ગાંધીનગર જિલ્લા પોલીસ વડાના સુપરવિઝન હેઠળ જડબેસલાક પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. એક ડીએસપી, ૩ ડીવાયએસપી, ૭ પીઆઈ, ૧૨ પીએસઆઈ, ૧૦૦ પોલીસ, બે કંપની એસઆરપી, કવીક રિસ્પોન્સ ટીમ બંદોબસ્તમાં રહેશે. પોલીસ રેલીમાં વીફરેલા ટોળાને કાબુમાં લેવા તથા છુટા પાડવા માટે વપરાતા બે વોટર કેનન પણ સભા સ્થળે મુકવામાં આવશે.

### બાઈક ગગન પેલેસ ગેસ્ટ હાઉસ પાસેથી મળી આવ્યું...!

## ઝુંડાલ કેનાલમાંથી પ્રેમી યુગલના મૃતદેહ મળી આવતા ચકચાર

ગાંધીનગર, તા. ૨૩

હિંમતનગરના પરબડા ગામમાં એક જ ફળીયામાં રહેતા યુવક યુવતિ વચ્ચે પ્રેમ સંબંધ બંધાયા બાદ લગ્ન સંબંધ થાય તેવી શકયતા નહીંવત જણાતા પ્રેમી યુગલે ગાંધીનગર નજીકથી પસાર થતી ઝુંડાલ નર્મદા કેનાલ પરથી પડતું મુકી ફાની દુનિયાને અલવિદા કરી દીધી છે. પ્રેમી યુગલના મૃતદેહ ફાયર બ્રિગેડની ટીમે બહાર કાઢી પોલીસને સોંપતા અડાલજ પોલીસે મૃતદેહ ગાંધીનગર સિવિલ હોસ્પિટલ મોકલી અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ શરુ કરી છે.

અડાલજમાં રહેતા રાવળ અંબાલાલ શાંતિભાઈએ ઝુંડાલ નર્મદા કેનાલમાં એક યુવક અને એક યુવતીના તરતા મૃતદેહ જોઈ અડાલજ પોલીસને આ અંગે જાણ કરાતા અડાલજ પોલીસ સ્થળ પર દોડી આવી હતી. તરતા મૃતદેહો ગાંધીનગર ફાયર બ્રિગેડની ટીમે બહાર કાઢી પોલીસને સોંપતા પીએસઆઈ બી.કે. સોલંકીએ તપાસ આરંભી હતી. બંને મૃતદેહની ઓળખ થતા હિંમતનગરના પરબડા ગામના યુવક યુવતી હોવાનું બહાર આવ્યું હતું. ૨૫ વર્ષીય વણકર હાર્દિક જયંતિભાઈ અને ૨૨ વર્ષીય ઈન્દીરાબેન રામાભાઈ બંને યુવક યુવતી પ્રેમમાં હતાં અને દશેક દિવસ પહેલાથી ઘરેથી નિકળી ગયા હતાં. બાઈક લઈને નિકળી ગયા હતા તે બાઈક નાના ચિલોડા નજીક ગગન પેલેસ એન્ડ ગેસ્ટ હાઉસથી મળી આવ્યું હતું. દરમિયાન આજે બંનેના મૃતદેહ ઝુંડાલ કેનાલમાંથી મળી આવતા ચકચાર મચી જવા પામી છે. તેમની પાસેથી કોઈ સ્યુસાઈડ નોટ મળી આવી નથી. પરંતુ પ્રાથમિક તપાસમાં લગ્નસંબંધ બંને વચ્ચે બંધાય તેવી શકયતા ન જણાતા આપઘાત કરી લીધો હોવાનું પોલીસ જણાવી રહી છે.

# આજે મનપાની સ્થાયી સમિતિની મહત્વની બેઠક

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની આજે એક મહત્વની બેઠક ચેરમેન શ્રી આશિષ દવેના અધ્યક્ષસ્થાને કોર્પોરેશન ખાતે બપોરે બે વાગે મળશે. આશિષ દવેના અધ્યક્ષસ્થાને મળનાર આ બેઠકમાં એડવાન્સ ટેક્સ ભરનારને ૧૦ટકા સુધીનું વળતર આપવાની યોજનાને મંજૂરી આપવામાં આવશે. આ યોજનાનો અંદાજપત્રમાં ઉલ્લેખ કરાયો છે.

તંત્રએ આવક વૃદ્ધિના સ્ત્રોતોને સઘન બનાવવા માટે આયોજનના ૧લી એપ્રિલથી અમલી બને તેને લઈ આજે સ્થાયી સમિતિમાં મંજુરીની મહોર મારી દેવામાં આવશે. આ બેઠકમાં ફરિયાદ નિવારણ વ્યવસ્થાપન તંત્ર શરૂ કરવા માટે થયેલ ખર્ચને સ્થાયી સમિતિમાં મંજુરી આપવામાં આવશે.

# નૃત્યોત્સવ... સુવર્ણ ગાંધીનગર ઉત્સવનો દિવ્ય-ભવ્ય શુભારંભ

## ગાંધીનગરનાં વિવિધ ક્ષેત્રનાં માનવંતા મોભીઓ જેવાં ૫૦ સન્માનિય વ્યક્તિઓ દ્વારા એક સાથે થયેલું દિપ પ્રાગટ્યની જ્યોત સાથે શહેરના દીર્ઘાયુની મંગલ કામના કરાઈ

**ઉઘડતે પડદે**

**સંજય થોરાત**

'કોઈનું નહી તોય સૌનું' એવાં આપણાં ગાંધીનગરનો ૫૦ વર્ષમાં પ્રવેશ થઈ રહ્યો છે. સાવ શુષ્ક અને સરકારી નગરીથી શરૂ થયેલી આ નગરની યાત્રા



હવે સંસ્કારી અને શૈક્ષણિક નગરી તરીકે એની આગવી ઓળખ બનાવી ચુકી છે... ગાંધીનગરની સ્થાપનાની સુવર્ણ જયંતિની ઉજવણીનો હરખ પ્રત્યેક નાગરીકને છે અને એમાં મહાનગર પાલિકા, શહેરની તમામ સાંસ્કૃતિક, સ્વૈચ્છિક, શૈક્ષણિક અને સેવાભાવી સંસ્થાઓ સાથે હાથ મિલાવી ગાંધીનગર કલ્ચરલ ફોરમે ગાંધીનગરની પ્રદક્ષિણા સાથે શુભારંભ કરી દીધો અને આજે સાંસ્કૃતિક ટચ સાથે 'નૃત્યોત્સવ'નો ઉત્સાહ, ઉંમગ અને થનગનાટ સાથે પ્રારંભ થયો.

સુંદર શહેર જેવાં જ સુંદર આમંત્રણ કાર્ડની સજાવટ કરનારાં હિરેન ભટ્ટે સુંદર અવાજ સ્નેહાળ શબ્દો સાથે જ આ કાર્યક્રમનો દોર સંભાળ્યો. સુરમધુર કલાવૃંદના કલાકારોએ 'ઈતની શક્તિ હમે દેના દાતા મનકા વિશ્વાસ કમજોર હોના' સાથે શક્તિની આરાધના કરી... ગાંધીનગર કલ્ચરલ ફોરમ અને મહાનગર પાલિકા સહ આમંત્રણ કાર્ડ પાછળ છપાયેલી સર્વે સંસ્થાના પ્રમુખો સ્ટેજ પર હાજર હતાં અને શહેરની એકાત્મતાનાં પ્રતિક જેવાં લાગતા હતા. આપણાં શહેરનો ઉત્સવ એટલે આપણો ઉત્સવ જેવી ઉદ્યત્ત ભાવનાથી ગૌરવાન્વીત સૌ અનેકતામેં એકતાની પ્રતિતિ કરાવતા હતા. આજે જ્યાં આ કાર્યક્રમ થઈ રહ્યો છે એ જમીનનાં મૂળ માલિક માધાજી મૂળાજી ઠાકોરની હાજરીની નોંધ સાથે અધ્યક્ષ કૃષ્ણકાન્ત જહાએ ગાંધીનગરની નૃત્ય સંસ્થા, શાળા, મહાશાળાની ૩૦ જેટલી ચૂનંદા કૃતિઓ અને ૧૦૦૦ કલાકાર આ કાર્યક્રમને શોભાવશેની જાહેરાત સાથે ગાંધીનગરના નિર્માણમાં જેમનું અમૂલ્ય યોગદાન છે એવા ૨૮ પૂણ્યાત્માઓને સ્મરણાંજલિ અર્પણ કરી.

આપણે જે નગરમાં વસીએ છીએ શ્વસીએ છીએ એના પોતાનું આયખું ઘસનારાંના નામની ઓળખ થાય એટલે એ સૌના નામ લખુ છુ. પૂર્વ મુખ્યમંત્રી બાબુભાઈ જશભાઈ પટેલ, ઈજનેરી કૌશલ્યમાં એમ.ડી. પટેલ, એચ.કે. મેવાડા, વી.વી. કામદાર, ડી.સી. શાહ, પુરૂષાર્થ સિંચન બી.એ. ત્રિવેદી, આર.સી. ઠક્કર, મૂળચંદભાઈ મિસ્ત્રી, ખેડૂત જેમની જમીન સંપાદનમાં યોગદાન હતું એવાં મોતીભાઈ બકોરભાઈ પટેલ, સદાજી ગોલ, રાયચંદભાઈ બાપુદાસ પટેલ, વિઠ્ઠલભાઈ પટેલ (અડાલજ), સહકારી ક્ષેત્રના પ્રણેતા ત્રિભોવનદાસ અમીન, વેપાર-વ્યવસાય તુલસીભાઈ ગોપલાણી, વિનોદભાઈ જોષી, ડૉ. બાબુભાઈ સોની, વી.એ. વ્યાસ (સરકારી કોલેજ), જયસુખભાઈ ઝાટકીયા (દેનાબેંક), શિક્ષણના મોભી માણેકલાલ પટેલ, જેઠાભાઈ રાવલ (પ્રાથમિક શાળા સે. ૨૯), સાંસ્કૃતિક ક્ષેત્રના પુરસ્કર્તા દિનેશ અંતાણી, મુનિકુમાર દેસાઈ, દિલીપ દવે, વસંતભાઈ પટેલ, આર.જી. જોષી (વનવિભાગ), ચંદુભાઈ પટેલ (કલેક્ટર), કર્મચારી અગ્રણી યુ.ટી. મહેતા અને પરેશભાઈ પટેલ આ બધાં દિવંગતને સ્મરણાંજલિ અર્પતા ભાવાત્મક દશ્યો સર્જયા.

ગાંધીનગરને ૫૦ વર્ષ થતાં હોઈ ૫૦ મહાનુભવોના હસ્તે આ સુવર્ણ ગાંધીનગર ઉત્સવનું દિપ પ્રાગટ્યનો વિચાર અને આયોજન બન્ને અભિનંદનને પાત્ર છે. ૫૦ ગરબીઓ દિવા સાથે અને ત્યાં સૌની નેમપ્લેટ, દિવો પ્રજ્જવલીત કરવાની જ્યોત, મહેમાનોને એમની જગ્યા સુધી દોરી જનારા સ્વયંસેવકો બધું જ સુવ્યવસ્થિત અને કાર્યક્રમને ગરિમા બક્ષે એવો આ પ્રસંગ. બોલાવેલા બધા જ આમંત્રિતો જે તે ક્ષેત્રના નામાંકિત અને મોભી...

ગાંધીનગરની ૫૦ વર્ષની જ્યોત પ્રજવલીત કરનારાં મહાનુભાવોનાં નામ પર પણ નજર નાંખવા જેવી છે. વી.પી. વ્યાસ (જમીન સંપાદન), સતીષ પટેલ - ગીરા પટેલ (પ્રથમ દંપતિ), માધાજી ધુળાજી ઠાકોર (ઈન્દ્રોડા, કાર્યક્રમની જમીનનાં મૂળ માલિક), મણીભાઈ ચૌધરી, કનુભાઈ શ્રોફ (ભગવતી ફલોર), કિશોર ગોપલાણી (લક્ષ્મી બેકરી), દિપક સાહેબા (સાહેબા ગેસ), સંજય શાહ (પી. મનુભાઈ મેડિકલ), પૂજ્ય હરિપ્રકાશનંદજી (ગુરૂકુલ), ફાધર હેક્ટર પિન્ટો (સેન્ટ ઝેવિયર્સ), વલ્લભભાઈ પટેલ (કડી કેમ્પસ), ડૉ. ગૌવર્ધન શર્મા, એસ.ડી. ગોસ્વામી, કુંદનબેન દવે, ઉષાબેન બુચ, શૈલેષ પંડ્યા (સર્વે શિક્ષણક્ષેત્રે), ડૉ. અરૂણ વ્યાસા, ડૉ. વિનોદભાઈ શાહ (પ્રથમ તબીબ), સી.એન. ચાવડા અને વી.એસ. પટેલ (પોલીસ), પૃથ્વીભાઈ શાહ (પત્રકાર), ચંદુભાઈ રાવલ (વકીલ), ફુલશંકર શાસ્ત્રી (પંચદેવ મંદિર)

ભાનુપ્રસાદ ત્રિવેદી હરિકૃષ્ણ પાઠક, કનૈયાલાલ પંડ્યા, ડંકેશ ઓઝા, દોલત ભટ્ટ, રમણલાલ પુરોહીત, સુરેન્દ્ર બક્ષી, પ્રકાશ લાલા (સાહિત્ય અને સાંસ્કૃતિક), જી.એન. ખારોડ, પ્રેમશંકર ભટ્ટ, અરૂણ બુચ, લતાબેન ચોક્સી (સેવા ભેખધારી), આનંદસ્વામિ, કમલ જૈન, સુવાસ બારોટ, અશોકભાઈ ભાવસાર (પ્રેરક સંસ્થાઓ), પારૂલ પરમાર (સ્પોર્ટસ), કાસમબાપુ તિરમીઝી, પોપટભાઈ પટેલ, વાડીભાઈ પટેલ, સી.જે. ચાવડા, શંભુજી ઠાકોર, અશોક પટેલ, મહેન્દ્રસિંહ રાણા (ધારાસભ્યો, મેયર) જેવી ૫૦ સન્માનિત વ્યક્તિ દ્વારા એક જ સમયે થયેલું દિપ પ્રાગટ્ય સાથે શહેરનાં દિર્ઘાયુની મંગલ કામના કરાઈ, જે દશ્ય અલૌકિક હતું, એક જ સ્થળે બધાંનું ભેગા થવું, અદ્ભૂત...



અને આ દરમ્યાન ગૂંજતુ રહેલું ગીત 'કોઈનું નહી તોય સૌનું વતન આ ગાંધીનગર' ગીતકાર-સ્વરકાર મયંક દવેની ધૂન અત્યંત દમદાર રહી...

ભવાઈ કલાના શ્રેષ્ઠ કલાકાર અર્ચન ત્રિવેદીએ રંગલો-રંગલી સાથે ગાંધીનગરના ગુણગાન અને વિવિધતાઓનું દર્શન કરાવતી કૃતિ રજૂ કરી. ગાંધીનગરની પ્રકૃતિ, સંસ્કૃતિ, શિક્ષણ, રસ્તા, મહાનુભવો જેવાં વિવિધ પાસાઓને હળવી શૈલીમાં ભવાઈના રૂપમાં રજૂ કરીને સમજોને ગાંધીનગરનું દસ્તાવેજી ચિત્ર જ બતાવી દીધું. 'ગાંધીનગરનાં શ્વાસમાં સંસ્કાર અને ઉચ્છવાસમાં સેવા' જેવા પરિણામ સાથેની ભવાઈ રંગ લાવી ગઈ તા થૈયા થૈયા તા થૈ...

ગાંધીનગરની નૃત્ય સંસ્થાઓ અને શાળા-મહાશાળાના ૧૦૦૦ થી વધુ કલાકારો જે ક્ષણ માટે થનગની રહ્યા હતા તે આવી ગઈ અને શહેરની શ્રેષ્ઠ કલાકાર એવી કવિતા પરમારે કાર્યક્રમનું સુત્રસંચાલન સંભાળ્યું. સ્વાગત નૃત્ય સ્વામિનારાયણ હાઈસ્કૂલ સે. ૨૩ દ્વારા રજુ કરાયું. 'રેલે રેલે શરણાઈ સૂર, મારે આંગણીયે સ્વામિ પધાર્યા'ના દિલધડક નૃત્યમાં કઈ કેટલાય પ્રોપનો સુંદર ઉપયોગ કરી વાતાવરણ ભક્તિમય બનાવી દીધું. આર.એન. લલીત કલા અકાદમીની કન્યાઓ રાજસ્થાની રામાપીરના હેલા સાથે આવી 'રૂણઝુહા વાગે રૂખણાં જીરે' કથરોટની ધાર પર કરેલું નૃત્ય સૌને ગમી ગયું.




'રામલીલા'નું 'નગાડા સંગ ઢોલ બાજે' સાથે જાઝ ગૃપ આવ્યું અને એકદમ એનર્જીટીક પરફોર્મ્સ આપ્યું. પ્રાચીન ગરબો 'મથુરામાં વાગી મોરલી, ગોકુળમાં કેમ રે વાયરા ફૂંકાય' સાથે ઉમા આર્ટસ અને નાથીબા કોમર્સ કોલેજની કન્યાઓ સુંદર તાલમેલ સાથે પ્રસ્તુત કરી. ભૃણ હત્યાના ચિતાર અને 'સેવગર્લ'ના થીમ પર પૂજન સંસ્થાએ નાનકડી બાળાઓને 'નન્હી સી ચિડીયાં, અંગના મેં ફીર આજાનારે' સુંદર ડ્રેસ અને ચોટદાર રજૂઆત અને છેલ્લે રિંગ ડાન્સ સાથે રંગ રાખી દીધો.

ગોવાનીઝ કલ્ચર અને કોળી ગીત ડાન્સ સાથે એમ.બી. પટેલ ઈંગ્લિશ મિડીયમ સ્કૂલના છોકરા-છોકરીઓના મોટાં ગૃપે દરિયાઈ માહોલ-ગોવાનીઝ કલ્ચર સાથે 'ગવ્યાન સાખળી સોન્યાચી'નું જોરદાર પરફોર્મન્સ કર્યું જે આજના કાર્યક્રમનું સર્વોત્તમ પ્રદર્શન બની રહ્યું. કાશ્મિરી ડાન્સ 'ભૂમરો, ભૂમરો, શ્યામ રંગ ભૂમરો' સાથે કે.બી. ઈન્સ્ટીટ્યુટ ઓફ ફાર્માસ્યુટીકલ્સ એન્ડ રિસર્ચની રજૂઆતમાં છેલ્લા સીનમાં ત્રિરંગાનું ફોર્મેશન અને લહેરાવેલો ત્રિરંગી અખંડ ભારતના ભાગ સમુ કાશ્મિરનો રોમાંચ બતાવતું હતું.

'ખુદા તુ રહેમ કર, ઈશ્વર તુ મુજ પર કૃપા કર' ની વેસ્ટર્ન ફયુઝન રચના સાથે ક્રિષ્ના ડાન્સ એકેડમીએ એક વિશાળ કર્ટેનમાં કાણામાંથી હાથનો મુવમેન્ટ અને ટોર્ચ ડાન્સથી સૌને મોહી લીધાં. હેત ફાઉન્ડેશનનાં મીરા ગઢવીએ એમના એક મેન્ટલી ચેલેન્જડ બાળક નિરવ પંડ્યા પાસે 'ખઈ કે પાન બનારસવાલા'નું નૃત્ય પરફોર્મ કરાવ્યું. સમાજમાં સફર થતાં બાળકોને પ્લેટફોર્મ પુરૂ પાડી ખરેખર પૂણ્યનું કામ આયોજકોએ કર્યું.

વસંત કુંવરબા કન્યા વિદ્યાલય દ્વારા રાજસ્થાની ઘૂમર રજૂ થયું. 'હો મારી ઘૂમર છે નખરાળી હો મા,' એકદમ રાજસ્થાની માહોલ જામ્યો. શૌલિન ડાન્સ એકેડમીએ 'મહિષાસૂર મર્દિની'નું વિષ્ણુ રૂપેણ-શક્તિરૂપેણ સંસ્થિતાના દશ્યો નૃત્ય દ્વારા અદ્ભૂત ભજવ્યા. જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયે 'રામલીલા'નું લહ મુઝગ ગયાં ગીતને ગરબા સ્ટાઈલમાં રજૂ કર્યું. પ્રસંગ કલાવૃંદે 'આભે અષાઢી મેઘ ઝબુકે' સાથે રાસ રજૂ કર્યો અને ચલતીના તાલે 'મન મોર બની થનગાટ કરે'ના અંતર પરતો ઝુમીને નાચી લીધું... પ્રત્યેક સંસ્થા અને કલાકૃતિએ સુવર્ણ ગાંધીનગર ઉત્સવ માટે મનમુકીને નાચ્યાં જે ઉત્સવની સફળતા બતાવે છે... ગાંધીનગર ઉત્સવની અભૂતપૂર્વ ઉજવણીનો 'નૃત્યોત્સવ' અને એને માણવા આવેલી અભૂતપૂર્વ મેદની એટલે અવસર ઉજવવાની ઘડીનાં સહભાગી બની રહ્યાં...

**ગાંધીનગરનાં ભવ્ય નિર્માણમાં અનન્ય યોગદાન આપી કિર્તીવંત બનાવનાર સ્વ. બાબુભાઈ જશભાઈ પટેલ, સ્વ. ત્રિભોવનભાઈ અમીન, સ્વ. વિનોદ જોષી, સ્વ. માણેકલાલ પટેલ સહિતનાં ૨૮ પૂણ્યાત્માઓને શહેરના ૫૦ વર્ષની ઉજવણી ટાણે યાદ કરી સ્મરણાંજલિ અપાતાં ભાવાત્મક દશ્યો સર્જાયા**